## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ખેલશે ગુજરાત... વાંચશે ગુજરાત, દોડશે ગુજરાત એવું બધું કરો છો તો... હવે અમારા સંમેલનમાં આવ્યા બાદ નારો આપો... ધુણશે ગુજરાત...

## માતૃભૂમિ કે રક્ષક કો પ્રણામ

યુનાઈટેડ રાઈડર્સ દ્વારા જવાનોને જે મિઠાઈનું બોક્સ ભેટ અપાશે તેના પર સૂચક લખાણ લખવામાં આવ્યું છે. "હમારી માતૃભૂમિ કે રક્ષક કો હમારા પ્રણામ" શિર્ષક હેઠળ આ બોક્સ પર જે પંક્તિઓ લખવામાં આવી છે તે આ મુજબ છે.

"કુરબાની કી ભાવના કે લીએ,
સૈનિક બનને ચલ દિયે
સુનકર કહાનિયા જંગ-એ-આઝાદી
કે ઈતિહાસ દોહરાને ચલ દિયે,
ભૂખે પ્યાસે ખડે પૈર બર્ફ
ઓર રેગિસ્તાન મે સીમા પર જો,
રાત દિન દુશ્મનો કી રાહ દેખા કરતે હૈ,
ઉન વીર શૌર્ય ભારત કે સપૂત કો
હમ તહે દિલ સે ધન્યવાદ કરતે હૈ"



## ગિયોડ અંબાજી મંદિર ખાતે નિઃશૂલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ચિલોડા-હિંમતનગર હાઈવે પર ગિયોડ અંબાજી મંદિર ખાતે આજરોજ સવારે નિઃશૂલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. પ્રજના હેલ્થકેર દ્વારા આ મેડીકલ કેમ્પનું યોજાયો હતો જેમાં ગિયોડ, છાલા, કાનપુર, જાખોરા, સહિતના ગામોના નાગરીકોએ મોટીસંખ્યામાં લાભ લીધો હતો. આ કેમ્પમાં દર્દીઓને વિવિધ રોગોનું નિદાન અને જરુરી દવાઓ વિતરણ કરવામાં આવી હતી. આ કેમ્પમાં નિષ્ણાંત તબીબોએ તપાસીને જરુરી માર્ગદર્શન દર્દીઓને પુરુ પાડ્યું હતું. આ પ્રસંગે મંદિરના ટ્રસ્ટી વિનુભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ, રમેશભાઈ ચૌધરી, નાથુભાઈ ચૌધરી, દિલિપભાઈ ચૌધરી સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહી સેવા પુરી પાડી હતી.

# સે-૧૫ કોલેજમાં ઓનલાઈન સિસ્ટમ બંધ કરવા એનએસયુઆઈની રજૂઆત

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સાયન્સ કોલેજના વિદ્યાર્થીઓને સેમ-૧ અને સેમ-૨ માં ઓનલાઈન સિસ્ટમ કાર્યરત નહોતી. ત્યારે ચાલુ વર્ષે વિદ્યાર્થીઓને ઓનલાઈન સિસ્ટમથી ફોર્મ ભરવું પડે છે જેમાં વિદ્યાર્થીઓને વિપરીત વિષયની પસંદગી કરવી પડે તેવી સ્થિતિ ઉભી થવા પામે છે. ત્યારે આ ઓનલાઈન સિસ્ટમ રદ કરવા ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈ દ્વારા કોલેજના પ્રિન્સીપાલને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે. જો આ અંગે યોગ્ય નિર્ણય નહી લેવામાં આવે તો એનએસયુઆઈ દ્વારા ટુંક સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા એનએસયુઆઈના પ્રમુખ નયન શ્રીમાળીના જણાવ્યા મુજબ પ્રારંભિક તબબકામાં એફવાયમાં આવી કોઈ સિસ્ટમનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. અને હવે અધવચ્ચે આમ ઓનલાઈન સિસ્ટમ ચાલુ કરવાથી વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળી શકે જ નહીં. આ સિસ્ટમ એફવાયથી શરુ કરવાની જગ્યાએ એસવાય અને ટીવાયમાં કાર્યરત



કરેલ છે. જેથી એસવાય અને ટીવાયમાંથી આ પધ્ધતિ રદ કરવાની જરુરીયાત ઉભી થવા પામી છે. એફવાયમાં એડમીશન પ્રક્રિયા સમયે વિદ્યાથીએ કહ્યું કે માર્ક પ્રમાણે જીયોલોજી અને માઈક્રો બોયાલોજી, જેવા વિષયમાં એડમીશન મળશે નહી. અને જીયોલોજી વિષયમાં ટીવાયમાં સ્ટાફ નથી તેવુ જણાવી કેમેસ્ટ્રી વિષય પસંદ કરાવ્યો હતો. જયારે અત્યારે હાલના સમયે ટીવાયમાં ઓનલાઈન સિસ્ટમ લાવીને વિદ્યાર્થીઓને બોટની અને ફીઝીકસ વિષય રાખવા મજબુર કરાવે છે. ત્યારે આ નિયમ અને સિસ્ટમ તાત્કાલીક ધોરણે બંધ કરવામાં આવે તેવી રજુઆત કોલેજના પ્રિન્સીપાલ ને આવેદનપત્ર આપી એનએસયુઆઈના કાર્યકરોએ કરી છે. જો તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય નહીં લેવામાં આવે તો ઉગ્ર આંદોલનની ચિમકી પણ કાર્યકરો એ ઉચ્ચારી છે.

# વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા દિક્ષાંત સમારોહ યોજાયો

### શહેરના ૭૫ યુવાનોએ દિક્ષા ગ્રહણ કરી ત્રિશુળ મેળવ્યા

ગાંધીનગર, તા.૧૧

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ગાંધીનગર દ્વારા આજે સેકટર-૭ ભારતમાતા મંદિર ખાતે નવયુવાનોનો દિક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં શહેરના ૭૫ જેટલા યુવાનોએ દિક્ષા ગ્રહણ કરીને ઉપસ્થિત મહેમાનોના હસ્તે ત્રિશુળ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમગ્ર મંદિર પરિસર ભારતમાતાકી જયના નારાથી ગુંજી ઉઠ્યું હતું. હિન્દુ સમાજ સામે ઉભા થતા પડકારો સામે રક્ષા કરવાનું કામ જેવું કે હિન્દુ મંદિરોની રક્ષા, હિન્દુ બહેન દિકરીની રક્ષા, ગાયમાતાની રક્ષા, બજરંગદળના યુવાનો દ્વારા કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો પાંચ દાયકાથી કાર્યરત છે. નગરમાં અત્યાર સુધી ૮ દિક્ષાંત સમારોહ યોજાયા છે જયારે ત્રણ દિક્ષાંત સમારોહ તો ચાલુ વર્ષમાં જ યોજાયા છે. આજે સે-૭ ભારતમાતા મંદિર ખાતે આયોજીત દિક્ષાંત સમારોહમાં




વીએચપીના ઉ.ગુ.પ્રાંત સહ સંગઠન મંત્રી અમૃતજી ઠાકોર, બજરંગદળ, ઉ.દુ.પ્રાંત સંયોજક જીતુભાઈ પ્રજાપતિ તેમજ સાધુ સંતોની ઉપસ્થિતિમાં નગરના ૭૫ યુવાનોએ દિક્ષા ગ્રહણ કરીને ત્રિશુળ મેળવ્યા હતા. ગાંધીનગર શહેરમાં ૪૦૦૦થી વધુ યુવકોએ દિક્ષા ગ્રહણ કરી છે. જયારે આગામી કાર્યક્રમ તા.૨૦ જુનના રોજ કલોલના ઔડાના ગાર્ડન ખાતે યોજાશે જેમાં ૫૦૦ થી વધુ યુવાનો દિક્ષાંત સમારોહમાં ત્રિશુળની દિક્ષા ગ્રહણ કરશે. જયારે તા.૨૧થી ૨૬ જુન દરમ્યાન વિશ્વ હિન્દુ પરિષદની અખિલ ભાર્તીય બેઠક વડતાલ સ્વામીનારાયણ મંદિર ખાતે યોજાશે. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# નીકી હોસ્પિટલના ફ્રી નિદાન કેમ્પમાં ૫૦૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ સ્થિત નીકી હોસ્પિટલ અને અમદાવાદ કેન્સર હોસ્પિટલના સંયુકત ઉપક્રમે ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલ ઉગતી કોર્પોરેટ પાર્ક ખાતે કેન્સરના દર્દીઓના લાભાર્થે રકતદાન કેમ્પ તેમજ ૩૮મો મફત નિદાન કેમ્પનું આયોજન આજરોજ સવારે ૯ થી ૧ દરમિયાન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં અંદાજીત ૨૫ થી વધુ બોટલ રકત એકત્ર થયુ હતું. જયારે ૫૦૦ થી વધુ નાગરીકોનો થાઈરોઈડ અને ડાયાબીટીશનો ટેસ્ટ કરાવીને શિબિરનો લાભ લીધો હતો.



ગાંધીનગર શહેરના નીકી હોસ્પિટલના સંચાલક ડો. ડી.એ.રતાનીએ કુડાસણ ખાતે ઉગતી કોર્પોરેટ પાર્ક ખાતે આયોજીત ૩૮માં મફત નિદાન કેમ્પમાં હાડકામાં તપાસનો કેમ્પ, હિમોગ્લોબીન ચેકઅપ, વજન વધારાની સમસ્યા માટે ચરબીનું પ્રમાણ માપીને નિષ્ણાંત તબીબો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ડાયટિશિયન મારફતે આહારનું અને યોગાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ફ્રી શિબિરમાં ૨૨૫ દર્દીઓએ હાડકામાં કેલ્સિયમની તપાસ કરાવી હતી. ડાયાબીટીશ અને થાઈરોઈડના ૩૪૦ જેટલા નાગરીકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જયારે કેન્સરના દર્દીઓના લાભાર્થે આયોજીત રકતદાન શિબિરમાં ૨૫ બોટલ રકત એકત્ર થયુ હતું. કુડાસણ ખાતે આયોજીત રકતદાન અને ૩૮માં ફ્રી નિદાન કેમ્પમાં કુડાસણ વિસ્તારના રહીશોએ મોટીસંખ્યામાં લાભ લીધો હતો. આ કેમ્પને સફળ બનાવવા માટે સૌ સ્ટાફ મિત્રોએ ભારે જહેમત ઉઠવી હતી.

## રાંધેજા વિદ્યાપીઠ ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

સ્વ.જે.જે. બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે આગામી તા.૧૩ થી ૧૫ જુનના રોજ સર્વરોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણદિવસીય શિબિરમાં કબજીયાત, હાઈ-લો બ્લડપ્રેશર, ઓબેસીટી, ડાયાબિટીસ, દમ, આર્થરાઈટીસ (વા), તથા ત્વચા સંબંધિત હઠીલા રોગોની કુદરતી ઉપચાર તથા સાચી સમજ નાગરીકો સુધી પહોંચાડવાના હેતુથી આ સર્વરોગ શિબિરનું આયોજન કરાયું છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા નાગરીકોએ રાધેજા જે.જે.બજાજ કુદરતી ઉપચાર કેન્દ્ર ખાતે સંપર્ક ૦૭૯૨ ૩૯૭૬૭૧૮ નંબર પર ફોન કરી નામ નોંધાવવા મુખ્ય ચિકિત્સક ધર્મેશ પટેલ દ્વારા જણાવાયું છે.

## ધોરણ-૧માં કુલ ૪,૬૬,૮૯૬ બાળકોનો શાળા પ્રવેશ

ગાંધીનગર, તા.૧૧

વર્ષ ૨૦૦૩-૦૪થી પ્રતિ વર્ષ રાજ્યમાં ઉજવાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને ચાલુ વર્ષ શાળા પ્રવેશોત્સવ – ૨૦૧૭ને પણ સફળતા મળી છે. તા. ૮, ૯, ૧૦ જૂન દરમિયાન રાજ્યના ૧૮૦૦૦થી વધુ ગામોમાં ઉજવાયેલા શાળા પ્રવેશોત્સવ દરમિયાન ધોરણ - ૧ માં ૪,૬૬,૮૯૬, બાળકોનું કુલ નામાંકન (નવા દાખલ થયેલા) થયું છે. તેમાં ૨,૩૬,૪૬૬ કુમાર અને ૨,૩૦,૪૩૦ કન્યાઓનો સમાવેશ થાય છે. જ્યારે ધોરણ – ૯માં ૩,૬૬,૯૨૨ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો છે તેમાં ૧,૯૯,૮૯૬ કુમાર અને ૧,૬૭,૦૩૬ કન્યાઓનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા,



રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ સાથે આ શાળા પ્રવેશોત્સવ દરમિયાન કુલ ૭૨,૭૭૨ મહાનુભાવોએ ૧૮૦૦૦થી વધુ ગામ-પરાઓની શાળાઓની મુલાકાત લઈ બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# શાસક પક્ષને ૯૫ અને વિપક્ષને ૮૭ બેઠકો મળે તો ગુજરાતના શાસનની 'મજા' આવે

ગુજરાતને નબળી સરકાર જોઈતી નથી તેવી રીતે નબળો વિરોધપક્ષ પણ જોઈતો નથી. શાસનના આટલા વર્ષોમાં કેન્દ્ર સરકારમાં આટલો બધો નબળો વિપક્ષ જોવામાં આવ્યો નથી. મોદી મેજિકથી લોકસભામાં વિપક્ષનું નામોનિશાન નથી. વિપક્ષી નેતા વિના સંસદ ચાલે છે. ગુજરાતની સ્થિતિ દિલ્હી જેવી ન થાય તે માટે કોંગ્રેસે જાહેર જનતાના હિતમાં થોડી વધારે મહેનત કરવી પડશે, કેમ કે શાસક પક્ષની જેમ વિપક્ષ જો સબળ હશે તો સરકારના ખોટા નિર્ણયોને આંતરી શકાશે. લોકશાહી સાચા અર્થમાં પ્રજાશાહી બનવી જોઈએ. કહેવાય છે કે કોઈ નેતા કે પાર્ટી પાવરફુલ હોતી નથી, લોકો તેને પાવરમાં લાવે છે પરંતુ પાવર આવી ગયા પછી એ જનતાનો કે જેમણે મતો આપ્યા છે તેનો તિરસ્કાર શરૂ થઈ જાય છે.

**એવા પરિવારો છે કે જેઓ કહે છે- અમને પેટ્રોલ કે ડિઝલ નહીં હવા જોઇએ**

ભાજપના જ એક સિનિયર ધારાસભ્યએ સોચનિય કોમેન્ટ કરી હતી. તેમણે કહ્યું હતું કે- ગુજરાતમાં ભલે અમારી પાર્ટી સત્તામાં આવે, વિપક્ષ પણ મજબૂત હોવો જોઈએ. તેઓ માને છે કે ૧૮૨ની વિધાનસભામાં સત્તાધારી પક્ષને ૯૨ બેઠકો જોઈએ, પરંતુ શાસક પક્ષને ૯૫ અને વિપક્ષને ૮૭ બેઠકો મળવી જોઈએ.

**સ્વ્છ તોડવાના દાવા- શાહ વર્સિસ સિંહ...**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં એક બીજાના મજબૂત ધારાસભ્યો અને નેતાઓને તોડવાની પરંપરા ચાલુ રહે તેવી સંભાવના છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની નજર કોંગ્રેસના દોઢ ડઝન ધારાસભ્યો પર છે ત્યારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી દાવા સાથે કહે છે કે અમે તેનાથી વધુ ભાજપના ધારાસભ્યોને તોડવાના છીએ. આ વખતે શાહ સામે સિંહની ટક્કર છે. અહીં એક સવાલ એ થાય છે કે કોંગ્રેસમાં કોણ મુખ્યમંત્રી બનશે તે નક્કી નથી, શંકરસિંહ વાઘેલાનું ઠેકાણું પડ્યું નથી ત્યારે ભાજપના ક્યા ધારાસભ્ય પર કોંગ્રેસની નજર છે તે સમજાતું નથી. બીજી તરફ ૧૯૯૫ પછી સત્તામાં બેઠેલું ભાજપ ૨૦૦૧ પછી સ્થિર સરકાર આપી રહ્યું છે. દેશમાં પણ ભાજપ તરફી પવન ફેલાયેલો છે ત્યારે ભાજપ છોડીને કોંગ્રેસમાં કોણ જશે તે એક મોટો પ્રશ્નાર્થ છે. ગુજરાત કોંગ્રેસમાં તો હારવા માટે ચૂંટણીમાં ઉભા રહેવા માટે દાવેદારોની કોઈ કમી વર્તાય તેવી નથી...!!

**૫૦ લાખ પરિવારો સાયકલ પણ વાપરે છે...**

ગુજરાતમાં સાયકલનો ક્રેઝ વધતો જાય છે. આ ક્રેઝ વધવાનું મુખ્ય કારણ લોકોની આરોગ્ય પ્રત્યેની જાગૃતિ અને વધતા જતા ઈંધણના ભાવો કહી શકાય છે. ટૂંકા અંતરની સફરમાં મધ્યમ પરિવારના સભ્યો સાયકલ ચલાવતા થયા છે. પરિણામે ૨૦ વર્ષ પહેલાં ૬૦૦ થી ૧૦૦૦ મળતી સાયકલના ભાવ આજે ૫૦૦૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે. ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સાયકલ ધરાવતા પરિવારોની સંખ્યા ૫૦ લાખને ક્રોસ કરી રહી છે. મહત્વની બાબત એવી છે કે ગામડાં કરતાં શહેરોમાં સાયકલ રાખવાનું પ્રમાણ વધારે છે. રાજ્યના શહેરી વિસ્તારમાં સાયકલ ચલાવતા પરિવારોની સંખ્યા ૨૫ લાખ જેટલી થવા જાય છે. એકલા ગાંધીનગરમાં ૧.૨૫ લાખ પરિવારો સાયકલ ધરાવે છે જ્યારે અમદાવાદ કોમર્શિયલ સિટી છે તેથી મજૂર વર્ગ વધારે હોવાથી સાયકલની સંખ્યા સાત લાખથી વધારે છે. ગુજરાતમાં કુલ ૧.૭૫ કરોડ પરિવારો વસી રહ્યાં છે.

**૧૨૫ કરોડની વસતીમાં ૭૮ કરોડ સ્માર્ટફોન...**

ભારતમાં સ્માર્ટફોનની સંખ્યા હાલ ૫૦ કરોડ છે પરંતુ ડેટાની વધી રહેલી માંગને જોતાં નેટવર્કિંગ જાયન્ટ સિસ્કો માને છે કે દેશમાં સ્માર્ટફોનની સંખ્યા આગામી ચાર વર્ષમાં ૧૭ ટકાના વૃદ્ધિદરે વધીને ૭૮ કરોડ પહોંચી જશે. ભારતની વસતી ૧૫૨ કરોડ છે તે પૈકી હાલ ૧૦૮ કરોડ મોબાઈલ યુઝર્સ છે. અત્યારે સ્માર્ટફોન યુઝર્સને પ્રતિ માસ એક જીબી ડેટા જોઈએ છે જે ૨૦૨૧ સુધીમાં બે જીબી કરતાં પણ વધી જાય તેવી સંભાવના છે. છેલ્લા વિઝ્યુઅલ નેટવર્કિંગ ઈન્ડેક્સ (વીએનઆઇ) મુજબ ૨૦૨૧ સુધીમાં કુલ બે અબજ નેટવર્ક ડિવાઈસીસ-લેપટોપ, પીસી, ટેબ્લેટ્સ, હેન્ડસેટ્સ વગેરેના વેચાણમાં સ્માર્ટફોનનો હિસ્સો ૩૮ ટકા હશે. જે ૨૦૧૬માં ૨૬ ટકા એટલે કે ૩૫.૯૨ કરોડ એકમ છે. જ્યારે ૨૦૨૧ સુધીમાં સ્માર્ટફોન ન હોય તેવા ફોનની સંખ્યા ૨૦૧૬ના ૪૯ ટકા એટલે કે ૬૮.૨ કરોડ ફોનથી ઘટીને ૨૦૨૧ સુધીમાં ૨૩.૫ ટકા એટલે કે ૪૮.૧૬ કરોડ ફોન થઈ જશે. ૨૦૨૧ સુધીમાં ઈન્ટરનેટ યુઝરની સંખ્યાની ૩૭૩૦ લાખ યુઝરથી વધીને ૮૨૯૦ લાખ યુઝર થશે એવું તાજેતરના રિપોર્ટ ઉપરથી જાણવા મળ્યુ છે. એક અંદાજ મુજબ દેશમાં ૫૯ ટકા જેટલા લોકો ઈન્ટરનેટ યુઝ કરે છે.




**કેન્દ્રએ જળ વિદ્યુત પર ફરી નજર દોડાવી...**

પહેલાં કોલસા આધારિત વીજળીને પ્રોત્સાહન આપવામાં આવતું હતું પછી જળ આધારિત અને ગેસ બેઝ પ્રોજેક્ટોને માન્યતા આપવામાં આવી હતી. સરકારે તેનું વિદ્યુત મિશન બદલીને બિન પરંપરાગત ઉર્જાના સ્ત્રોત તરફ નજર દોડાવી અને સોલારનો જન્મ થયો. સોલારની અપૂરતી વીજળીને પૂર્ણ કરવા માટે મૃતપ્રાય બનેલી જળ વિદ્યુતને ફરી અગ્રતાક્રમ આપવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકાર જળ વિદ્યુત ક્ષેત્રને સંકટમાંથી બહાર લાવવા ૧૬,૦૦૦ કરોડનું પેકેજ લઈને આવી રહી છે. જળ વિદ્યુતમાં ૧૧૬૩૯ મેગાવોટના પ્રોજેક્ટ માટે વ્યાજદરમાં ચાર ટકાની છૂટ અને જળ વિદ્યુત વિકાસ ફંડની જોગવાઈ કરવામાં આવનાર છે. જળ વિદ્યુતના પ્રોજેક્ટોને બચાવવા માટે સરકાર આ સહાય લઈને આવી રહી છે જેમાં સરકારી અને ખાનગી પ્રોજેક્ટ્સને મદદ આપવાનો પ્લાન છે.

**આ દેખે જરા કિસમે કિતના હૈ દમ- કઇ પાર્ટીના નેતા કઇ પાર્ટીમાં જોડાય છે**

**ઉદ્યોગોમાં માનવતા મરી પરવારી નથી...**

ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપ્યા પછી ઉદ્યોગજૂથો સ્થાનિક ડેવલપમેન્ટ માટે વિચારતા નથી તેવા મહેણાં હવે મારી શકાય તેમ નથી કારણ કે ગુજરાતના ઉદ્યોગો તેમના પ્લાન્ટની આસપાસના વિસ્તારમાં સેવાભાવી કાર્યો કરી રહ્યાં છે. કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલીટીઝ-સીએસઆરના આંકડા પ્રમાણે પ્રતિવર્ષ ૧૫૦૦૦થી વધુ ઉદ્યોગજૂથો ૯૦૦ કરોડનું કોન્ટ્રીબ્યુશન કરે છે. ગુજરાત સીએસઆર ઓથોરિટીના ચેરમેન મહેશ્વર શાહુના જણાવ્યા પ્રમાણે રાજ્ય સરકારે ૧૩૦૦૦ કંપનીઓનો ડેટાબેઝ બનાવ્યો છે કે જેઓ સીએસઆરનું પાલન કરે છે. ભારત સરકારના કંપની લો ના કાયદા પ્રમાણે પ્રત્યેક ઉદ્યોગજૂથે તેના નેટ એન્યુઅલ પ્રોફિટના બે ટકા સીએસઆરમાં ફરજીયાત આપવાના રહે છે. આ ફંડ માટે સરકારે ૧૧ જેટલા સબ્જેક્ટ્સ ફાઈલન કર્યા છે. વાત પણ સાચી છે કે- સરકાર ઉદ્યોગજૂથને જમીન સહિત ટેક્સના તમામ પ્રલોભનો આપે છે ત્યારે ઉદ્યોગજૂથની પણ કેટલીક સામાજીક ફરજો બને છે...

**પાન સેન્ટર- મુંબઇમાં બે કિલોમીટરે એક, ગુજરાતમાં ૧૫ ડગલાં ચાલો એટલે**

**પડોશી રાજ્યોમાં દારૂબંધી લાદો, તો પરિણામ...**

ગુજરાતમાં સંપૂર્ણ દારૂબંધી ત્યારે જ શક્ય બને કે જ્યારે ગુજરાતના પડોશી રાજ્યો ઉપર દારૂબંધીનો પ્રતિબંધ લાદવામાં આવે એવું એક બયાન હોમ ડિપાર્ટમેન્ટના સિનિયર ઓફિસરે કર્યું છે. તેમના કહેવા પ્રમાણે મહાત્મા ગાંધી એ માત્ર ગુજરાત જ નહીં સમગ્ર દેશના હતા, તો શા માટે ભારત સરકાર સંપૂર્ણ દેશમાં દારૂબંધી લાગુ કરી શકતી નથી. ગુજરાતમાં દારૂ બનતો નથી પણ પાડોશી રાજ્યોમાંથી પ્રવેશે છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રથી ગુજરાતમાં પ્રતિદિન ઢગલો દારૂ ખડકાય છે. આ રાજ્યોમાં પ્રતિબંધ હોય તો ગુજરાતને પછી કોઈની ફિકર નથી. ભારત સરકારે દરમ્યાનગીરી કરીને આ રાજ્યોમાં દારૂબંધી લાગુ કરવી જોઈએ. જો તેમ નહીં થાય તો છૂપી રીતે ગુજરાતમાં રોજેરોજ દારૂ ઠલવાશે અને એટલો જ ચોરી-છૂપીથી પિવાશે...

**રૂપિયા કમાવ અને સરકારમાં ટેક્સ ભરો...**

ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ- જીએસટી-નો અમલ થયા પછી પણ ટેક્સના ભારણમાં ઘટાડો થવાની શક્યતા નહીંવત જણાય છે, કારણ કે જે ચીજવસ્તુઓ જીએસટીમાં આવતી નથી, જે સેવાઓ જીએસટી હેઠળ નથી તેમાં સાત પ્રકારના ટેક્સ ચાલુ રહી શકે છે. જીએસટી અમલમાં આવ્યા પછી જે સેસ ચાલુ રહેસે તેમાં આયાત માલ પર શિક્ષણ સેસ, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ સેસ, ક્રુડ ઓઈલ પર સેસ, ડીઝલ અને મોટર સ્પ્રિટ પર રોડ સેસ, તમાકુ અને તમાકુ ઉત્પાદનો તથા ક્રુડ ઓઈલ પર એનસીસીડીનો સમાવશે થાય છે. આને કહેવાય ટેક્સ પર ટેક્સ.. સેસ ના નામે લોકોના ખિસ્સા ખાલી કરીને સરકાર શું મેળવવા માગે છે તે સમજાતું નથી. રૂપિયા કમાવ અને રૂપિયા વાપરો, તમારે સરકારમાં કંઈ આપવાનું નથી તેવું તો માત્ર દુબાઈના શાસકો જ કરી શકે છે, હિન્દુસ્તાનના શાસકો પાસેથી એવી અપેક્ષા પણ થઈ શકે તેમ નથી.

**મુંબઇ-દિલ્હીમાં પાનનો ગલ્લો શોધવો પડે...**

જાહેરમાં ધુમ્રપાન એ ગુનો છે. ગુટખા ખાવા પર પાબંધી છે તેમ છતાં ગુજરાતમાં આ બન્ને ચીજોનું ચલણ જરા પણ ઓછું થયું નથી. જ્યાંથી કાયદા બને છે તે સચિવાલયમાં તો છૂટથી આ બધી ચીજવસ્તુઓ મળે છે. ગુજરાતમાં પાન-બીડીના જેટલા સેન્ટરો હશે તેટલા બીજા કોઈ રાજ્યમાં કદાચ નહીં હોય... સચિવાલયની ફરતે જ નાના-મોટા મળીને ૧૫૦ જેટલા વ્યસન સેન્ટરો મોજૂદ છે. મુંબઈના હાર્ટ વિસ્તારમાં તમે ફરતા હોવ તો તમને બે-ત્રણ કિલોમીટર સુધી પાનનો એકપણ ગલ્લો જોવા મળતો નથી. નવી દિલ્હીમાં પણ પાનનો ગલ્લો આસાનીથી મળી શકતો નથી જેની સામે અમદાવાદ, રાજકોટ, સુરત કે વડોદરામાં ૧૫ ડગલા ચાલો ત્યારે પાન સેન્ટર સામે આવે છે.

**ટીચર કરતાં સ્ટુડન્ટ પાવરફુલ બની ગયા...**

ભારતમાં બિઝનેસ કરવો હોય અને ઝડપથી પ્રોજેક્ટ પાસ કરવો હોય તો ટોપ ટેન રાજયોમાં ભાજપ શાસિત રાજયોની સંખ્યા ૮ થવા જાય છે. ભારતમાં બિઝનેસમેન માટે યોગ્ય રાજયની પસંદગી કરવી હોય તો સૌથી ટોચ પર આંધ્રપ્રદેશ આવે છે. બીજાક્રમે નોન ભાજપ શાસિત રાજયમાં તેલંગાણા આવે છે. આઠ વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ કર્યા પછી પણ આ યાદીમાં ગુજરાતનો ક્રમ ત્રીજો છે. હંમેશા ગુજરાત નંબર વનનો દાવો કરતી સરકાર માટે આ શરમજનક બાબત છે. ભારતના અન્ય રાજયોમાં છત્તીસગઢ, મધ્યપ્રદેશ, હરિયાણા, ઝારખંડ, રાજસ્થાન, ઉત્તરાખંડ અને મહારાષ્ટ્ર બિઝનેસ કરવા યોગ્ય રાજયો છે. ગુજરાતની આ સથિતિ માટે એક સિનિયર આઈએએસ અધિકારીએ એવો આરોપ મૂક્યો હતો કે ગુજરાતમાં સિંગલ વિન્ડો સિસ્ટમ અને પ્રોજેક્ટને ઝડપથી મંજૂરી આપવામાં થતો વિલંબ એ મુખ્ય કારણ છે.